## થોડાક વિશિષ્ટ શબ્દો

( 'અભિધાનચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' ગત )

જેમ સંસ્કૃત સાહિત્યની એક પરંપરા ચાલી આવી છે તેમ સંસ્કૃત કોષોની પણ એક પરંપરા ચાલી આવેલી જોવા મળે છે. જેમ પૂર્વસૂરિના ગ્રંથમાંથી પ્રેરણા લઈને ઉત્તરવર્તી સાહિત્યકાર પોતાની કૃતિ કંડારે છે અને એમાં પોતાની આગવી પ્રતિભાના પ્રાણ પૂરે છે, એ જ રીતે પૂર્વકોષકારોના ખભે બેસીને ઉત્તરવર્તી કોષકારો પોતાની પ્રતિભાના બળે નવતર શબ્દસામગ્રી સાંકળી લઈને અભિનવ રચના કરતા જોવા મળે છે. અમર, પુરુષોત્તમદેવ, હલાયુધ, મેદિની વગેરેના પગલે હેમચંદ્રાચાર્યે પણ 'અભિધાનચિન્તામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' એ બે કોષો રચ્યા છે. એમાં કેટલીક નવતર સામગ્રી પણ સાંકળેલી જોવા મળે છે, જે એની પૂર્વેના કોષોમાં નથી મળતી. આવી સામગ્રી એટલે પૂર્વકોષકારોએ અમુક શબ્દોના જે નવા વિકસેલા અર્થોની નોંધ ન લીધી હોય તેવા શબ્દોના અર્થનિર્દેશ.

ધનપાલની 'તિલકમંજરી'માં આવા કેટલાક નવતર અર્થોમાં શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે. શબ્દો તો જૂના છે, પણ એમની અર્થછટાઓ જરા નવતર છે. માત્ર હેમચંદ્રાચાર્યે જ નોંધેલા, અને તેમના પૂર્વે થઈ ગયેલા ધનપાલની 'તિલકમંજરી'માં પ્રયોજાયેલા આવા કેટલાક શબ્દો નીચે આપ્યા છે. કેટલીક બાબતમાં એ શબ્દ પ્રાકૃત રૂપમાં પ્રચલિત હોય, અને કોષકારે, સંભવતઃ તેમને જ્ઞાત સાહિત્યિક પ્રયોગોને આધારે તેનું સંસ્કૃત રૂપ આપેલું હોય. શબ્દોની સાથે કૌંસમાં આપેલ સંદર્ભો 'તિલકમંજરી'ની મેં સંપાદિત કરેલી અને લા. દ. વિદ્યામંદિરે પ્રસિદ્ધ કરેલી આવૃત્તિના અનુક્રમે પૃષ્ઠ અને પંક્તિના ક્રમાંકો છે :

अकम्प्र : (૪૨.૩) સ્થિર. सरं तरलं कम्प्रं कम्प्रम्... (અ. ચિં. ૧૪૫૫), कम्प्र ચલ, ચપલ, અનિત્ય.

अक्रम : (૧૫૮.૧૪) એકીસાથે; ક્રમ વિના. व्युत्क्रमस्तूत्क्रमोऽक्रमः (અ. ચિં. ૧૫૧૧) વિપરીત ક્રમ, ક્રમ વિનાનું.

अवस्कन्द : (૨૦૦.૧૨) હુમલો, આક્રમણ. प्रपातस्त्वभ्यवस्कन्दो धाट्यभ्यासादनं च सः (અ. ચિં. ૮૦૦). अभ्यवस्कन्द [अवस्कन्द શિ૦ ૭૦] ધાડ. છલકપટથી એકદમ છાપો મારવો તે (અપ. ઓક્खंद).

अस्रजल : (૪૮.૨૦) આંસુની ધાર...बाष्पो नेत्राम्बु रोदनम् । अस्रमश्रु... (અ. ચિં. ૩૦૭) अस्र અશ્રુ, આંસુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपदंश : (૨૮.૩) મદિરાપાન પહેલાંનું દીપનકારક ભક્ષ્ય, ચટાકેદાર વાનગી. उपदंशस्त्ववदंशश्चक्षणं मद्यशातम् (અ. ચિં. ૯૦૭). મદિરા પીવાની પ્રીતિ ઉત્પન્ન કરે તેવો ભક્ષ્ય પદાર્થ.

कर्कारु : (૬૯.૨૬) કોળું. कूष्माण्डस्तु कर्कारुः (અ. ચિં. ૧૧૮૮).

कर्पटप्रसेविका : (૯૬.૫) કપડાની કોથળી/થેલી. समौ नक्तककर्पटौ (અ. ચિં. ૬૭૬). कर्पट વસ્ત્રનો ટુકડો. सेव्नं सीवनं स्यूतिस्तुल्यौ स्यूतप्रसेवकौ (અ. ચિં. ૯૧૨). प्रसेवक કોથળો, કોથળી, થેલી. (મરાઠી पिशवी; नक्तक, ગુજ. કપડાંલતાં)

चूडा : (૧૦૧.૬) ચોટલી, શિખા. चूडा केशी केशपाशी शिखा (અ. ચિં. ૫૭૧); चूडा शिखाग्रयोः (અનેકા–૨.૧૬૬). चूडा શિખા. હકરાંત પાઠ ધનપાલનો આગવો છે. (સર૦ आमूलचूड 'નખશિખ').

जात्य : (૩૦.૨૦) શુદ્ધ, ઉત્તમ, જાતવાન. जात्योऽग्र्यानुत्तमान्यनवरार्ध्यवरे (અ. ચિં. ૧૪૩૯). મુખ્ય, પ્રધાન, શ્રેષ્ઠ. (પ્રા. जच्च).

ढौकित : (૫૭.૨૧) આદરપૂર્વક આપેલું. प्राभृतं ढौकनम्.. (અ. ચિં. ૭૩૭). ढौकन = દાન. ભેટ. (અપ. ક્રિયારૂપ ढोयइ વગેરે).

नाडिका : (૪૫.૧) અર્ધા મુહૂર્તનું (= ૭ ઘડી પ્રમાણ) સમયનું માપ. क्षणैः षड्भिश्च नाडिका (અ. ચિં. ૧૩૭). ત્રણ ઘડી, ૭ ક્ષણ પ્રમાણ.

नियामक : (૮૦.૧૧) વહાણનો સૂકાની, पोतवाहो नियामकः । निर्यामः (અ. ચિં. ૮૭૬). नियामक, निर्याम વહાણ ચલાવવાને શક્તિમાન, વહાણના મધ્ય–સ્તંભ ઉપર બેસી સમુદ્રનો રસ્તો જોનાર (જૂ. ગુજ. निज मउ).

प्रतिश्रय : (૧૨.૮) આશ્રયસ્થાન, ઉપાશ્રય. सत्रशाला प्रतिश्रयः (અ. ચિં. ૧૦૦૦). હંમેશની દાનશાળા, અર્થાત્ ધર્માર્થે આપેલા દાનથી ચલાવાતી ધર્મશાળા (પ્રા. पडिस्सय).

प्रयाणक : (૧૯૩.૧૦) મુસાફરીનો તબક્કો प्रस्थानं गमनं व्रजयाऽभिनिर्याणं प्रयाणकम् (અ. ચિં. ૭૮૯). પ્રયાણ, ગમન (ગુજ. 'પરિયાણ')

प्रहत : (૧૭૭.૫) કંડારેલ (કેડી), ખૂબ અવરજવરને લીધે ઘસારો પામીને કાયમ બનેલો (માર્ગ), व्युत्पन्नप्रहतक्षुण्णा (અ. ચિં. ૩૪૫) શાસ્ત્રાદિ તત્ત્વોનો સંસ્કારી, અર્થાત્ વારંવાર આવર્તન કરવાથી ખૂબ માહિતગાર બનેલ વિદ્વાન. અભ્યાસને અહીં લગતી અર્થચ્છટાને માર્ગની અવરજવરના અર્થમાં ધનપાલે સાંકળી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भरतपुत्र : (૧૫૮.૬) નૃત્યનો સહાયક સંગીતકાર. सर्वकेशी भरतपुत्रकः (અ. ચિં. ૩૨૮). નટ, નાટકમાં કામ કરનાર કલાકાર.

माञ्जिष्ठ : (૬૯.૩૦) મજીઠિયા રંગનું, લાલ કપડું, મજીઠિયું. माञ्जिष्ठो लोहितः शोणः (અ. ચિં. ૧૩૯૫). माञ्जिष्ठ રાતો વર્ણ. ધનપાલે વિશેષણને વિશેષ્ય તરીકે પ્રયોજ્યું છે. (સર૦ પ્રા. चोल मजीठ; ગુજ. 'ચોળિયું', ચોળી')

रसवती : (૩૯.૩૧) રસોડું. सूदशाला रसवती पाकस्थानं महानसम (અ. ચિં. ૯૯૮). (અપ. रसवती, रसोइ, હિં. रसोई 'રસોઈ ધર, રસોઈ', ગુજ. 'રસોઈ').

लञ्चा : (૬૯.૧૬) લાંચીયાપણું. लञ्चोत्कोचः (અ. ચિં. ૭૩૭) લાંચ, ભેટ.

वर्षवर : (૧૪.૮) રણવાસનો હીજડો સેવક. षण्ढे वर्षवरः (અ. ચિં. ૭૨૮). वर्षवर અંતપુરનો રક્ષક નપુંસક. वर्षधर/वर्षवर એ બે વૈકલ્પિક પાઠો લહિયાઓના કારણે સરજાયા જણાય છે; બન્ને પ્રચલિત બન્યા છે.

विचकिल : (૧૭૩.૨૪) મોગરાનું ફૂલ. मल्लिका स्याद् विचकिलः (અ. ચિં. ૧૧૪૮).

शीन : (૬૮.૨૫) શીણેલું, જામી ગયેલું. शीनं स्त्यानम् (અ. ચિં. ૧૪૯૪). शीनम् થીજેલું, જેમકે 'થીનું ઘી.'[1]

स्त्यान : (૩૧.૧૭) ઠરી ગયેલું. જુઓ शीन (પ્રા. थीण, ગુજ. 'થીનું').

स्फार : (૩૦.૨૨) ફેલાયેલું હોવું, વિસ્તાર. स्फारं बहिष्ठं विस्तीर्णम् (અ. ચિં. ૧૪૩૦) स्फारम् વિશાળ, મોટું.

આ શબ્દોના પ્રથમ દર્શાવેલ અર્થો 'તિલકમંજરી'માંના તેમના પ્રયોગના સંદર્ભ અનુસારના છે, જ્યારે પછી આપેલા અર્થો શ્રીવિજયકસ્તૂરસૂરિ સંપાદિત (વિ. સં. ૨૦૧૩) 'અભિધાનચિંતામણિકોશ'ને અનુસરીને આપ્યા છે.

**નારાયણ કંસારા**

---

૧. જુઓ ઉપર शीन વિશેની નોંધ. હ. ભા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org